WWW.LIVELAW.IN



**ફોજદારી કેસ નંબર.: ૩૬૫૮૦/૨૦૧૯**
**આંક–૨૨ ની કાયમી મુકિત અરજી નીચે હુકમ**

હાલની અરજી આ કામના આરોપી તરફે તેવી હકીકતે કરેલ છે કે, આ કામના આરોપી સામેનો હાલનો કેસ અત્રેની કોર્ટમા પેન્ડીગ છે. આ કામના આરોપી કાયદાને માન આપનાર અને દિલ્હીના કાયમી રહેવાસી છે. અને તેઓ લોકસભાના સભ્ય છે. સી.આર.પી.સી. કલમ ૩૧૭ ની જોગવાઈ મુજબ આરોપીને જાતે હાજર રહેવામાથી મુકિત આપવા અને વકીલ મારફત હાજર રહેવા પરવાનગી આપવા કોર્ટને સત્તા છે, નામ. સુપ્રીમ કોર્ટે ભાસ્કર ઈન્ડસ્ટ્રીઝ લી. વિરુધ્ધ મે. ભિવાની ડેનીમના ચુકાદામા ઠરાવેલ છે કે, આરોપી વતી તેના વકીલ દવારા પ્રતિનિધીત્વ થતુ હોય તો તેને હાજરીમાંથી મુકિત આપવા કોર્ટને હકુમત છે. તે આરોપી દવારા કોર્ટમા કોર્ટને સંતોષ થાય તે રીતે ટ્રાયલ આગળ ચલાવવા બાહેધરી આપે તેને મુકિત આપી શકાય. આરોપીને કોર્ટમા જોવા માટેજ તેની હાજરી જરૂરી નથી. આરોપીની ગેરહાજરીમા પણ કેસ આગળ વધી શકે તેમ હોઈ તેવા કેસમાં મુકિત આપી શકાય. વધુમા આરોપી તરફે એવુ જણાવેલ છે કે, એ સારી રીતે પ્રસ્થાપિત થયેલ કાયદો છે કે આરોપી નિદોર્ષ છે તેવુ અનુમાન કરવુ જોઈએ. ફોજદારી ટ્રાયલ આરોપીને ત્રાસ કરવા અને મુઝવણમા મુકવા માટે નથી. ટ્રાયલનો એકમાત્ર હેતુ આરોપી ગુનેગાર છે કે નિદોર્ષ તે છે. સી.આર.પી.સી.કલમ ૨૦૫ તળેની અરજીમાં નામ. કોર્ટને એટલુજ જોવાનુ છે કે, તેનાથી ટ્રાયલને કોઈ પૂર્વગ્રહ થાય તેમ છે કે કેમ? વધુમા આવી અરજી રદ કરવા માટે મજબુત અને સબળ કારણો હોવા જોઈએ. નામ. કોર્ટે અવાર નવાર ઠરાવેલ છે કે આરોપીની ફીઝીકલ હાજરી ફકત તેની હાજરી પુરવા માટે કે જોવા માટે આગ્રહ ન રાખવો જોઈએ. હાલના કેસમાં આરોપીની કાયમી મુકિતની અરજી મંજુર કરવામા આવે તો ટ્રાયલ આગળ ચાલવામા કોઈ રીતે પૂર્વગ્રહ કે અવરોધ થશે નહી અને આરોપીને દરેક મુદતે હાજર રખાવવાથી કોઈ હેતુ સરશે નહી. આરોપી તરફે એવી પણ રજુઆત છે કે, તેના પ્રતિનિધિ દરેક મુદતે આરોપીની અગાઉથી સંપૂર્ણ સૂચના મેળવી હાજર રહેશે અને આરોપી વતી કોર્ટમા જરૂરી તમામ પગલા લેશે. જો આરોપીને કાયમી મુકિત આપવામાં આવશે તો તેઓ ભવીષ્યમાં તેની ઓળખ અંગેની તકરાર લેશે નહી તેમજ નામ. કોર્ટ જયારે કહેશે ત્યારે હાજર રહેવા ખાત્રી આપે છે. હાલના કેસની ટ્રાયલ આરોપીના પ્રતિનિધિ ઝડપથી અને દરેક મુદતે ચલાવશે, હાલની અરજી આરોપી તરફે કેસની ટ્રાયલ ને વિલંબમા નાખવા કે તેમા અવરોધ કરવા માટે કરેલ નથી. તેમ જણાવી એવુ જણાવેલ છે કે, આ કામના આરોપીને જાતે હાજર રહેવામાથી કાયમી મુકિત આપવામા આવે અને તેના કાઉન્સેલ મારફત હાજર રહેવા પરવાનગી આપવામા આવે અને નામ. કોર્ટને યોગ્ય લાગે તે બીજી દાદ આપવા વિનંતિ છે.

હાલની અરજી અન્વયે ફરીયાદ પક્ષે કોઈ લેખીત વાધા રજુ કરેલ નથી. આરોપી તરફે આંક–૨૬ થી હાલની અરજીના સમર્થનમા નામ. સુપ્રીમ કોર્ટ તથા નામ. હાઈકોર્ટના નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલા છે.

WWW.LIVELAW.IN



(૧) ભાષ્કર ઈન્ડસ્ટ્રીઝ લી. વિરુધ્ધ ભિવાની ડેનીમ,
(૨૦૦૧)૭, એસ.સી.સી. ૪૦૧

(૨) જયંતીલાલ છગનલાલ પંચાલ અને બિજા વિરુધ્ધ શીરીષ શાંતીલાલ પંડયા
૧૯૮૬(૧) જી.એલ.આર. ૨૮૭

(૩) રામેશ્વર યાદવ અને બીજા વિરુધ્ધ સ્ટેટ ઓફ બીહાર
(૨૦૧૮)૪, એસી.સી.સી. ૬૦૮

(૪) ટી.જી.એન. કુમાર વિરુધ્ધ સ્ટેટ ઓફ કેરેલા અને બીજા
(૨૦૧૧)૨, એસી.સી.સી. ૭૭૨

(૫) ભાષ્કર સેન અને બીજા વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર
(૨૦૦૫)૧, સી.સી.સી. ૨૧૩

આરોપી તરફે તેમના વિ.વ.શ્રી પી.એસ.ચાપાનેરી દવારા અરજી અન્વયે મૌખીક દલીલો કરેલ છે જેમા અરજી મુજબની રજુઆત કરી વધુમાં કેસના રેકર્ડ મુજબની રજુઆત કરેલ છે. અને એવુ જણાવેલ છે કે, આ કામના આરોપી હાજર થતા કોર્ટ દવારા તેને સી.આર.પી.સી. કલમ ૨૫૧ મુજબ તહોમત સંભળાવી પ્લી રેકર્ડ કરવામા આવેલ છે. તે દિવસેજ આરોપીએ જામીન અરજી કરતા કોર્ટના હુકમ મુજબ જામીન રજુ કરેલ છે. તેમજ તે દિવસે એટલે કે તા. ૧૧/૧૦/૨૦૧૯ ના રોજ હાલની હાજરીમાથી કાયમી મુકિત માટેની અરજી રજુ કરેલ છે. જે અરજીનો જવાબ રજુ કરવા ફરીયાદપક્ષે મુદત માગતા સાંભળવા મુલત્વી રાખવામા આવેલી.

આરોપી તરફે વધુમા સી.આર.પી.સી. કલમ ૬૧, ૬૨, વંચાણે લઈ હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ હોવાનુ જણાવેલ છે તેમજ કલમ–૨૫૧, કલમ ૩૧૭(૧), ૨૭૩, તેમજ તેમજ ૨૦૫ તરફ કોર્ટનુ ધ્યાન દોરી એવુ જણાવેલ છે કે, કોર્ટ આરોપીને હાજરીમાથી મુકિત આપી શકે છે અને તે કોર્ટની વિવેકાધીન સત્તા છે. આરોપીને હાજરીમાથી મુકિત આપ્યા બાદ તેના વકીલ મારફત વકીલની હાજરીમા કેસ ચલાવી શકે છે. સી.આર.પી.સી.કલમ ૨૭૩ મુજબ આરોપીની હાજરીમા ટ્રાયલ ચલાવવી એટલે કે આરોપીનો તે અધિકાર છે કે પુરાવો તેની હાજરીમા લેવામા આવે. કોર્ટ દવારા સમન્સ ટ્રાયેબલ કેસમા જે નમુનામા સમન્સ કરવામા આવે છે તેમા પણ સ્પષ્ટપણે એવુ જણાવવામા આવે છે કે આરોપીએ જાતે કે તેના વકીલ, પ્રતિનિધિ મારફત હાજર રહેવુ તેમ જણાવી તેના દવારા રજુ કરવામા આવેલ ચુકાદાઓ તરફ ધ્યાન દોરેલ છે.

ફરીયાદપક્ષે વિ.સીનીયર કાઉન્સીલ શ્રી એસ.વી.રાજુ દવારા આરોપીની અરજી અંગે વાંધો હોવાનુ જણાવી એવી રજુઆત કરેલ છે કે, આરોપીએ તેની અરજીમાં ઓળખ અંગે તકરાર નહી લે તેવુ જણાવેલ નથી. તેઓ દવારા સી.આર.પી.સી.કલમ ૨૦૫ વંચાણે લઈ એવી દલીલ કરેલ છે કે આરોપીએ તેની કોર્ટમા ગેરહાજરી અંગે સબળ કારણ જણાવવુ જોઈએ હાલ કેસ ઓનલાઈન

WWW.LIVELAW.IN



વીડીયો કોન્ફરન્સથી ચાલે છે. તેમા આરોપી પણ જોડાઈ ને હાજર રહી શકે છે. તેમ થવાથી આરોપીને મુદતે આવવામા તકલીફ નહી પડે તેમજ કોઈ વધારે ખર્ચ પણ નહી થાય. કાયદાની જોગવાઈ મુજબ આરોપીની હાજરીમા પુરાવો લેવો જોઈએ. આરોપીના વધારાના નિવેદન લેવાના સમયે તથા જજમેન્ટના સમયે પણ તેની ફીઝીકલ હાજરીની જરૂર છે. આરોપીની અરજીનો લેખીત જવાબ આપવો તેવી કોઈ કાયદાકીય જોગવાઈ નથી. આરોપી તરફે રજુ કરેલ ચુકાદાઓ હાલના કેસને એટલા માટે લાગુ પડશે નહી, કારણકે આરોપી તરફે તેણે કોર્ટમા આવવા શું મુશ્કેલી પડે છે તે જણાવેલ નથી. આરોપીને કોઈ મુશ્કેલી પડે તેમ નથી,કારણકે ઓનલાઈન હાજર રહી શકે છે. હાલની અરજી જયારે સુનવણી થાય છે ત્યારે આજની પરિસ્થિતિના આધારે નિર્ણય કરવો જોઈએ. અરજી દાખલ કરી ત્યારે કોરોના મહામારી ન હતી તેટલામાત્રથી અરજી મંજુર થઈ શકે નહી. તેમ જણાવી આરોપીની હાલની અરજી ના મંજુર કરવા રજુઆત કરેલ છે.

આરોપી તરફે તેના વિ.વ.શ્રીએ જણાવેલ છે કે, તેઓએ હાલની અરજી લોકડાઉન પહેલા એટલે કે તા. ૧૧/૧૦/૨૦૧૯ ના દાખલ કરેલ. ત્યારબાદ કોર્ટમા ફીઝીકલ હીયરીગ બંધ થયેલ છે. આરોપી દવારા તેની અરજીમાં જ પોતાને કોર્ટમા હાજર રહેવામા જે મુશ્કેલી છે તે જણાવેલ છે તેમજ ઓળખ અંગે તકરાર ન હોવાનુ અને તેના વકીલશ્રી ટ્રાયલ દરમ્યાન હાજર રહી કામ આગળ ચલાવશે તેવી બાહંધેરી આપેલ છે. આરોપી તેના વધારાના નિવેદનના સમયે કોર્ટમા હાજર રહેશે તેમજ કોર્ટ બોલાવે ત્યારે હાજર રહેશે. આરોપીને હાજરીમાથી મુકિત આપવી કે કેમ તે અંગે વાંધો લેવા ફરીયાદીને અધિકાર નથી. આરોપીની હાજરી જરૂરી છે કે કેમ, તેનો નિર્ણય કરવા કોર્ટના પોતાના અધિકાર છે. હાલના સંજોગોમા આરોપી વીડીયો કોન્ફરન્સથી હાજર રહી શકશે તેટલામાત્ર કારણસર અરજી રદ કરવી ન જોઈએ તેમ જણાવી ન્યાયના હિતમા અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

આરોપીની અરજી, તેના વકીલશ્રીની રજુઆત, ફરીયાદપક્ષે લેવામા આવેલ વાંધાઓ એટલે કે રજુઆત, કેસનુ રેકર્ડ, કાયદાકીય જોગવાઈ ધ્યાને લીધી. હાલની અરજી આરોપી તરફે સી.આર.પી.સી. કલમ ૨૦૫, ૩૧૭, અન્વયે આપેલ છે. તેમજ આરોપીની હાજરીમાં પુરાવો લેવા અંગેની જોગવાઈ સી.આર.પી.સી.કલમ ૨૭૩ માં છે. તે કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**205. Magistrate may dispense with personal attendance of accused.**

(1) Whenever a Magistrate issues a summons, he may, if he sees reason so to do, dispense with the personal attendance of the accused and permit him to appear by his pleader.

WWW.LIVELAW.IN


(2) But the Magistrate inquiring into or trying the case may, in his discretion, at any stage of the proceedings, direct the personal attendance of the accused, and, if necessary, enforce such attendance in the manner hereinbefore provided.

**317. Provision for inquiries and trial being held in the absence of accused in certain cases.**

(1) At any stage of an inquiry or trial under this Code, if the Judge or Magistrate is satisfied, for reasons to be recorded, that the personal attendance of the accused before the Court is not necessary in the interests of justice, or that the accused persistently disturbs the proceedings in Court, the Judge or Magistrate may, if the accused is represented by a pleader, dispense with his attendance and proceed with such inquiry or trial in his absence, and may, at any subsequent stage of the proceedings, direct the personal attendance of such accused.

(2) If the accused in any such case is not represented by a pleader, or if the Judge or Magistrate considers his personal attendance necessary, he may, if he thinks fit and for reasons to be recorded by him, either adjourn such inquiry or trial, or order that the case of such accused be taken up or tried separately.

**273.** Evidence to be taken in presence of accused. Except as otherwise expressly provided, all evidence taken in the course of the trial or other proceeding shall be taken in the presence of the accused, or, when his personal attendance is dispensed with, in the presence of his pleader.

હાલનો કેસ સજાની જોગવાઈ જોતા સમન્સ ટ્રાયેબલ છે તે અંગે કોઈ તકરાર નથી. ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા, આરોપીના પ્રતિનિધિ હાજર રહેતા હોય તો, જો મેજીસ્ટ્રેટને તેમ કરવા કારણ જણાતુ હોય તો અને તેમ કરવુ જરૂરી જણાય તો આરોપીને હાજરીમાથી મુકિત આપી શકે છે, અને કેસના કોઈપણ તબકકે હાજર રહેવા ફરમાવી શકે છે. હાલની અરજીની હકીકત જોઈએ તો આ કામના આરોપી દિલ્હી રહે છે તે અંગે કોઈ તકરાર નથી. હાલના આરોપી પોતે એમ.પી. છે તેથી તે અંગેની કામગીરીમાં અવાર નવાર રોકાયેલા હોય છે તે હકીકત છે. દિલ્હી અમદાવાદથી ઘણુ દુર છે તેથી તેને આવવા જવામાં ખુબજ તકલીફ પડે તે પણ હકીકત છે. આ કામે આરોપી તરફે તેમની અરજીમાં એવી બાહેધરી આપેલ છે કે તેઓ ટ્રાયલ દરમ્યાન તેની ઓળખ અંગે તકરાર લેશે નહી. વધુમા એવી પણ બાહેધરી આપેલ છે કે આરોપી વતી તેના કાઉન્સેલ દરેક મુદતે હાજર રહેશે તેમજ તેના કાઉન્સેલ અગાઉથી અને પુરેપુરી કેસને લગતી સુચના સાથે હાજર રહેશે અને તેને

WWW.LIVELAW.IN



આ કોર્ટમા જરૂરી કાર્યવાહી કરવા અધિકૃત કરશે. આરોપી તરફે એવુ પણ જણાવેલ છે કે, તેઓ જલ્દી ટ્રાયલ ચલાવશે અને દરેક મુદતે તેના અધિકૃત પ્રતિનિધિ આરોપી વતી મુદતે હાજર રહેશે. જેથી તેને હાજરીમાથી કાયમી મુકિત આપવામા આવે.

આરોપી તરફે રજુ કરેલ ચુકાદાઓ જોઇએ તો, **ભાષ્કર ઈન્ડસ્ટ્રીઝ લી. વિરુધ્ધ ભિવાની ડેનીમ, (૨૦૦૧)૭, એસ.સી.સી. ૪૦૧** મા નામ. સુપ્રીમ કોર્ટે એવુ ઠરાવેલ છે કે, આરોપીની હાજરીમાં પુરાવો લેવો જોઇએ તે સામાન્ય નિયમ છે. આરોપીની ગેરહાજરીમા પણ પુરાવો લઈ શકાય છે જો તેને કોર્ટમા હાજર રહેવામાંથી મુકિત આપેલ હોય અને તેના વતી તેના વકીલશ્રી કોર્ટમા હાજર હોય એટલે કે, કેસની કાર્યવાહી આગળ ચાલવી જોઇએ ફકત આરોપીની હાજરી પુરવા કે તેને જોવા માટે હાજર રાખવાના નથી. જો આરોપીની ગેરહાજરીમા પણ કેસ આગળ ચાલી શકે તેમ હોય તો તે ધ્યાને લઈ આરોપીને હાજરીમાથી મુકિત કોર્ટ આપી શકે છે. આરોપીને હાજરીમાંથી મુકિતનો લાભ તેવા કેસમા જ આપી શકાય કે જયા તેણે ખાત્રી આપી હોય કે તેઓ તેની ઓળખ અંગે તકરાર લેશે નહી અને તેના વતી તેના વકીલ કોર્ટમા હાજર રહેશે તેમજ તેની ગેરહાજરીમાં પુરાવો લેવામા આવે તે અંગે તકરાર લેશે નહી. આરોપીને હાજરીમાંથી મુકિત આપવી તે મેજીસ્ટ્રેટની વિવેકાધીન સત્તા છે. મેજીસ્ટ્રેટને જયારે આરોપી દવારા હાજરીમાથી મુકિતની અરજી કરવામા આવે ત્યારે ઉપરોકત દરેક પાસાઓ ધ્યાને લઈ તેનો નિર્ણય કરવો જોઇએ.

આરોપી તરફે રજુ કરેલ, **જયંતીલાલ છગનલાલ પંચાલ અને બિજા વિરુધ્ધ શીરીષ શાંતીલાલ પંડયા,૧૯૮૬(૧) જી.એલ.આર. ૨૮૭** વાળા ચુકાદામાં નામ. હાઈકોર્ટે એવુ ઠરાવેલ છે કે, આરોપીની હાજરીમાં પુરાવો લેવાની જોગવાઈ છે તે કાયદા ઘડનાર દવારા આરોપીની તરફેણમાં અધિકાર ઉભો કરેલ છે. તે બાબત આરોપીને ત્રાસદાયક બનવી ન જોઇએ. આગળ ટ્રાયલ માટે આરોપીની હાજરીની જરૂર ન હોય તો તે વકીલ મારફત હાજર રહી કોર્ટની પરવાનગીથી જાતે ગેરહાજર રહી શકે છે.

આરોપી તરફે રજુ કરેલ, **ટી.જી.એન. કુમાર વિરુધ્ધ સ્ટેટ ઓફ કેરેલા અને બીજા,(૨૦૧૧)૨, એસી.સી.સી. ૭૭૨** ના ચુકાદામા નામ. સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે, કલમ-૨૦૫ તળેની અરજીના નિર્ણય અંગે મેજીસ્ટ્રેટે એ બાબત ધ્યાનમા રાખવાની છે કે, આરોપીને જાતે હાજર રાખવાથી કોઈ હેતુસરે તેમ છે? આરોપીની ગેરહાજરીથી ટ્રાયલને વિક્ષેપ પડે તેમ છે? કોર્ટે તે બાબત ધ્યાને લઈ એવો હુકમ કરવાનો છે કે જેથી આરોપીને બીનજરૂરી ત્રાસ ન થાય અને સાથે સાથે ફરીયાદીને પણ કોઈ પૂર્વગ્રહ ન થાય. આરોપીને હાજરીમાથી મુકિત આપવાથી તેનો ઉપયોગ ટ્રાયલને વિલંબમા નાખવા કરતા નથી ને તે જોવુ જોઇએ.

WWW.LIVELAW.IN



આરોપી તરફે રજુ કરેલ, **ભાષ્કર સેન અને બીજા વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, (૨૦૦૫)૧, સી.સી.સી. ૨૧૩** ના ચુકાદામાં નામ. બોમ્બે હાઈકોર્ટે એવુ ઠરાવેલ છે કે સામાન્ય રીતે કાયમી હાજરીમાથી મુકિત આપવામા કોર્ટે લીબરલ રહેવુ જોઈએ જો આરોપી તરફે ઓળખ અંગે તકરાર ન હોવાનુ જાહેર કરતા હોય અને તેની ગેરહાજરીમા તેના વકીલ મારફત કેસ આગળ ચલાવવા તૈયાર હોય તેમજ ગેરહાજરી માટે યોગ્ય કારણ હોય. કાયમી હાજરીમાથી મુકિત આપતા સમયે કેસની ટ્રાયલ આગળ ચાલવામા કોઈપણ સંજોગોમા વિક્ષેપ ન થાય તે ધ્યાને રાખવુ જોઈએ.

ઉપરોકત ચુકાદાના તારણો તથા પક્ષકારો તરફેની રજુઆતો હાલની અરજી, અને કાયદાકીય જોગવાઈ ધ્યાને લીધી. હાલનો કેસ આઈ.પી.સી.કલમ ૫૦૦ મુજબના ગુના અંગેનો એટલે કે સમન્સ ટ્રાયેબલ છે. આરોપી તરફે ટ્રાયલ દરમ્યાન ઓળખની તકરાર લેવામા નહી આવે તેવુ તેમની અરજીમાં જણાવેલ છે. આરોપી તરફે એવુ પણ જણાવેલ છે કે તેના અધિકૃત પ્રતિનિધિ દરેક મુદતે તેની પૂર્વ સુચના મેળવી ટ્રાયલ ચલાવશે. કોર્ટ રૂબરૂ આરોપીની જયારે હાજરીની જરૂર હોય કે કોર્ટ દવારા જણાવવામા આવે ત્યારે આરોપી હાજર રહેશે અને ઝડપી ટ્રાયલ ચલાવવામા પણ તેના પ્રતિનિધિ દરેક મુદતે હાજર રહેશે. હાલના કેસની હકીકત જોતા આરોપીની ફીઝીકલ હાજરીમાં જ કેસ ચલાવવો જરૂરી જણાતો નથી. આરોપીના પ્રતિનિધિ એટલે કે વકીલશ્રી દરેક મુદતે હાજર રહે અને જરૂરી કાર્યવાહી કરે તો આરોપીની ફીઝીકલ હાજરી જરૂરી નથી. આરોપી તરફે ઓળખ અંગે તકરાર નથી તે સંજોગોમા પણ ફીઝીકલ હાજરી જરૂરી નથી. વધુમા આરોપી તરફે બાહેધરી આપેલ છે કે, કોર્ટ જણાવશે ત્યારે હાજર રહેશે. આ કામના આરોપી પોતે દિલ્હી રહે છે આથી દરેક મુદતે આવવામા અગવડતા પડે તે હકીકત છે તેમજ તેઓ એમ.પી. છે. તે સજોગોમા પણ તેની જાહેર ફરજ માટે દરેક મુદતે હાજર રહેવામાથી મુકિત આપવા યોગ્ય કેસ જણાય છે. આરોપી તરફે હાલની અરજી તા. ૧૧/૧૦/૨૦૧૯ ના એટલે કે કોરોના મહામારી પહેલા આપવામા આવેલી છે. હાલ કેસની સુનવણી ઓનલાઈન થાય છે. પરંતુ ફીઝીકલ હીયરીગ શરૂ થાય ત્યારે આરોપીને હાજરીમાથી મુકિત આપવી કે કેમ તેનો પણ નિર્ણય થવો જરૂરી છે. જેથી ફરીયાદપક્ષની દલીલ મુજબ એવુ કહી શકાય નહી કે હાલ આરોપી ઓનલાઈન હાજર રહી શકે છે તેથી તેને અગવડ પડતી નથી. આરોપી તરફે જયારે ઓળખ અંગે તકરાર નથી તેમજ તેના દવારા માહીતગાર પ્રતિનિધિ વકીલશ્રી દરેક મુદતે હાજર રહી ટ્રાયલ ચલાવવા ની ખાત્રી આપે છે. તથા કોર્ટ ફરમાવે ત્યારે હાજર રહેવાની ખાત્રી આપે છે તે સંજોગોમા આ કેસના કામે આરોપીની ફીઝીકલ હાજરી પુરાવો લેતા સમયે ટ્રાયલ દરમયાન અન્ય હુકમ ન થાય ત્યા સુધી જરૂરી જણાતી નથી. તેમજ આરોપીને હાજરીમાંથી મુકિત આપવાથી ફરીયાદપક્ષને કોઈ પૂર્વગ્રહ થાય તેમ નથી.

૨૭/૧૦/૨૦૨૦

WWW.LIVELAW.IN



જેથી તમામ સંજોગો ધ્યાને લેતા ન્યાયના હિતમા હાલની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના આરોપીની આંક-૨૨ ની અરજી નીચેની વિગતે મંજુર કરવામાં આવે છે.

આ કામના આરોપીને નીચેની શરતોએ કોર્ટમા જાતે હાજર રહેવામાથી કાયમી મુકિત આપવામાં આવે છે.

**// શ ર તો //**

(૧) આરોપી ટ્રાયલ દરમ્યાન ઓળખ અંગે તકરાર લઈ શકશે નહી.
(૨) આરોપીની ગેરહાજરીના કારણે કે આરોપી પાસેથી માહીતી મેળવવાના કારણે તેના વકીલશ્રી મુદત માંગી શકશે નહી.
(૩) આરોપીના વકીલશ્રી ને કોર્ટ જણાવે ત્યારે તેઓએ આરોપીનો સંપર્ક કરી આરોપીને કોર્ટમા હાજર રખાવવાના રહેશે.
(૪) આરોપીના વકીલશ્રીએ મુદતે હાજર રહી ટ્રાયલ ચલાવવાની રહેશે.

આ હુકમ આજરોજ તારીખ. ૨૭ માહે ઓકટોમ્બર સને ૨૦૨૦ ના કોર્ટમા જાહેર કર્યો

મુકામ.: અમદાવાદ
તારીખ.: ૨૭ /૧૦/૨૦૨૦

27.10.2020
(આર. બી. ઈટાલીયા)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬, અમદાવાદ
જીજે-૦૦૮૨૪